

संतभगवंत साहेबजीनी

# છે માહાત્મ્યસભર વાણી સદા...

**વચનામૃત ગઢડા પ્રથમ ૭૧ : 'ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત વિરાજે છે'નું નિરૂપણ**

**૨૨ એપ્રિલ ૨૦૨૪, 'અક્ષરમહોલ', તપોભૂમિ બ્રહ્મજ્યોતિ, મોગરી**

**શ્રીજીમહારાજ** બોલ્યા જે, **'બીજા સર્વે અપરાધ માફ કરે છે, પણ ભગવાનના ભક્તનો દ્રોહ કરે એ અપરાધને ભગવાન માફ નથી કરતા; માટે ભગવાનના ભક્તનો કોઈ પ્રકારે દ્રોહ કરવો નહીં.'**

આમ જોવા જઈએ તો આપણે રોજબરોજ વિચાર, વાણી ને વર્તનથી ભગવાન રાજી ન થાય એવું ઘણું બધું વર્તતા હોઈએ છીએ; છતાં એની સામું ભગવાન જોતા નથી, ભગવાન એ બધું માફ કરી દે છે. અને એટલે તો આપણે હસતા-રમતા, ખેલતા-કૂદતા આનંદ માણીએ છીએ. તેઓ ઉદાર છે, દયાળુ છે, અધમોદ્ધારણ છે, પતીતપાવન છે, દયાના સિંધુ છે; પણ ભક્તનો દ્રોહ કરે તો તે દોષ ભગવાન માફ નથી કરતા.

ભક્તનો દ્રોહ કરવો એટલે શું ? ભક્તનો અવગુણ લેવો, ભાવફેર-માથાકૂટની વાતો કરવી-સાંભળવી, એને ફજેત કરવો, એનાથી કંઈ ખોટું વર્તાઈ ગયું હોય તો એને ચહેરીને લોકોમાં પ્રસાર કરવો એ ભક્તનો દ્રોહ કર્યો કહેવાય; અને એ ભગવાનને જરાય નથી ગમતું એટલે એ ના કરીએ. જાગા સ્વામીએ બ્રહ્મસૂત્ર આપ્યું, 'પારકો આકાર, પારકો દોષ અને પારકી ક્રિયા જોવી નહીં. ને જો જોવાનું મન થાય તો પોતાનો આકાર, પોતાની ક્રિયા અને પોતાના દોષ જોવા.' આવું જીવીએ તો બીજાના દોષ જોવાનું મટી જશે. એટલે ભગવાને ભગવાનના ભક્તને પારકાના દોષ, પારકાની ક્રિયા, પારકાના આકાર જોવાની ના પાડી છે. એ અપરાધ ભગવાન માફ નથી કરતા. માફ નથી કરતા એટલે પ્રારબ્ધ બંધાઈ જાય.

ભગવાનના ભક્તે ભગવાનનો આશરો કર્યા પછી હથેળીની તેની બધી રેખાઓ ભૂંસાઈ ગઈ. છઠ્ઠીના લેખ ગમે તેવા લખાયા હોય તો એના ઉપર મહારાજ ડસ્ટર ફેરવી દે એટલે સાફસૂફ થઈ જાય. આપણું પ્રારબ્ધ ભગવાન થઈ જાય. જેનું પ્રારબ્ધ ભગવાન થઈ જાય એના જીવનમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ ને આનંદ જ હોય. છતાં આપણને એવું નથી થતું એનું કારણ કે ભગવાનના ભક્તને વિશે ભાવફેર કરીએ છીએ. વિચારમાં, બોલવામાં ને સાંભળવામાં આપણે આ જે કરીએ છીએ એ આપણું પ્રારબ્ધ બની જાય છે. ભગવાન કહે, 'એ પ્રારબ્ધ તો તમારે ધોવું જ પડશે.' પણ એ પ્રારબ્ધ ધોવાય કેવી રીતે ? તો, ભજન-પ્રાર્થના-સેવા કરીને. એટલે આપણને નિયમ આપ્યો છે કે, અડધો કલાક દરરોજ ધૂન કરવી. આખા દિવસમાં જાણે-અજાણે ભગવાનના ભક્તનો દ્રોહ કે અપરાધ થઈ ગયો હોય તો અડધો કલાક ધૂન કરીએ તો એ સાફ થઈ જાય, પ્રારબ્ધ ઓગળી જાય ને ભગવાન એ માફ કરી દે.

**'અને વળી, ભગવાનના સર્વે અપરાધ થકી જે ભગવાનના આકારનું ખંડન કરવું એ મોટો અપરાધ છે, તે માટે એ અપરાધ તો ક્યારેય પણ કરવો નહીં. અને એ અપરાધ કરે તો એને પંચ મહાપાપ કરતાં પણ અધિક પાપ લાગે છે.'**

એનાથી મોટો અપરાધ એ ભગવાનને નિરાકાર કહેવા એ છે. મોટાંમાં મોટાં પાંચ પાપ છે, પણ ભગવાનને નિરાકાર કહે તો એ એના કરતાંય મોટો અપરાધ કહેવાય. ભગવાન સદાય સાકાર છે ! શ્રી રામરૂપે ભગવાન પ્રગટ થયા, શ્રી કૃષ્ણરૂપે ભગવાન પ્રગટ થયા, શ્રી સ્વામિનારાયણ ભગવાનરૂપે પ્રગટ થયા. મારા-તમારા જેવા માનવ દેહમાં ભગવાન પ્રગટ થયા એટલે કે ભગવાનનો આકાર છે. મનમાં શ્રી રામચંદ્ર ભગવાનની મૂર્તિ સંભારો એટલે ધનુષ-બાણ સાથે ભગવાન ઊભા રહેલા દેખાય. શ્રી કૃષ્ણ

પરમાત્માની સ્મૃતિ કરો એટલે સુદર્શનચક્રધારી અને મહારાજની મૂર્તિ ધારો એટલે મહારાજ આવીને ઊભા રહે. આમ, ભગવાન માનવ આકારમાં પ્રગટ છે અને એને કોઈ કહે કે, ભગવાન નિરાકાર છે – એમનો કોઈ આકાર જ નથી; તો એ જેવો કોઈ મોટો અપરાધ નથી. ભગવાન એ તો કદી ચલાવી જ ના લે. એનું મોઢું જોવાનું પણ ભગવાનને મન ના થાય.

**અને ભગવાન તો સદા સાકારમૂર્તિ છે, તેને જે નિરાકાર સમજવા એ જ ભગવાનના આકારનું ખંડન કર્યું કહેવાય છે. અને પુરુષોત્તમ એવા જે ભગવાન તે જે તે કોટિ સૂર્ય, ચંદ્ર સરખું તેજોમય એવું પોતાનું અક્ષરધામ તેને વિષે સદા દિવ્યાકાર થકા વિરાજમાન છે અને બ્રહ્મરૂપ એવા જે અનંત કોટિ મુક્ત તેમણે સેવ્યાં છે ચરણકમળ જેનાં એવા છે. અને પરબ્રહ્મ પુરુષોત્તમ એવા જે એ ભગવાન તે જ પોતે કૃપાએ કરીને જીવના કલ્યાણને અર્થે પૃથ્વીને વિષે પ્રકટ થાય છે, ત્યારે જે જે તત્ત્વનો અંગીકાર કરે છે તે સર્વે તત્ત્વ બ્રહ્મરૂપ છે; કાં જે, રામકૃષ્ણાદિક અવતારને વિષે સ્થૂળ, સૂક્ષ્મ અને કારણ એ ત્રણ દેહ તથા જાગ્રત, સ્વપ્ન અને સુષુપ્તિ એ ત્રણ અવસ્થા તે જણાય છે તથા દસ ઈન્દ્રિયો, પંચ પ્રાણ ઈત્યાદિક સર્વે તત્ત્વ મનુષ્યની પેઠે જણાય છે, પણ એ સર્વે બ્રહ્મ છે પણ માયિક નથી. તે માટે એ ભગવાનના આકારનું ખંડન ક્યારેય પણ ન કરવું.'**

ભગવાને જે જે વસ્તુ ધારણ કરી એ પણ દિવ્ય છે, બ્રહ્મ છે એટલે પછી એમના આકારનું ખંડન થાય જ નહીં. તેઓ જે રથ પર બેઠા તે રથ દિવ્ય છે, તેઓ જે ઘોડો લઈને ગયા એ ઘોડો દિવ્ય છે, એમણે જેમનો હાથ પકડ્યો એ પછી ગોપીઓ હોય, અર્જુન હોય કે યાદવો હોય એ બધાં દિવ્ય છે. એમ, ભગવાને બધાંને ગ્રહણ કર્યાં છે, બધાંનો સ્વીકાર કર્યો છે; કહેવાનો મતલબ એવો છે કે એ સૌ પણ દિવ્ય છે.

રાજાનો દીકરો રાજકુમાર કહેવાય. પછી સાવ ડોબા જેવો હોય તોય એને રાજકુમાર જ કહેવાય. ડોબો કહેવાય ? ના કહેવાય. ડોબા જેવો હોય તોય તેને સલામ કરો છો. તમે જુઓ તો રાજાનો છોકરો રાજા, પટેલનો છોકરો પટેલ, બ્રાહ્મણનો છોકરો બ્રાહ્મણ; એમ, બ્રહ્મસ્વરૂપ એવા સાધુએ જેમને ગ્રહણ કર્યા, પરબ્રહ્મ પરમાત્માનો જેમને આશરો હોય એ બધા પણ બ્રહ્મરૂપ થયા કહેવાય, બ્રહ્મજ્ઞાતિના થયા કહેવાય.


બ્રાહ્મણ જ્ઞાતિના બધા બ્રહ્મ કહેવાય, પણ ભગવાનના આશ્રિત હોય એ ખરા બ્રહ્મ ! પુરુષોત્તમ નારાયણનું પરબ્રહ્મતત્ત્વ જેમણે ધારણ કર્યું છે એવા બ્રહ્મસ્વરૂપ સાધુને આશરે રહીને ભક્તિ કરે એ બધા બ્રહ્મ ! આપણે બધા બ્રહ્મની જ્ઞાતિના છીએ. તો બ્રહ્મરૂપ એવા ભગવાનના ભક્તને વિશે ભાવફેરમાં પડાય જ ક્યાંથી ? આ આપણે બોલીએ છીએ ખરા, પણ માનતા નથી અને વર્તનમાં નથી એટલે દૈવત આવતું નથી. યોગીજી મહારાજ બ્રહ્મસ્વરૂપ સાધુ હતા. એનું લક્ષણ શું ? તો મને-તમને-સર્વને બ્રહ્મની મૂર્તિઓ દેખતા એટલે બ્રહ્મસ્વરૂપ હતા. મોટા પુરુષોને જોઈએ તો તેઓ આપણને સૌને દિવ્ય માને છે તો તેઓ દિવ્ય થઈ ગયા. એમ, આપણે પ્રૅક્ટિસ કરીએ કે, સામે જેઓ મળે એમનામાં પ્રભુ બિરાજમાન છે એની સામું જુઓ, એમના દેહ સામું ના જુઓ. એમના સંબંધ સામું જુઓ, એમની ક્રિયા સામું ના જુઓ. પ્રભુના આશ્રિત છે ને! એ જુઓ તો પછી બીજું કશું દેખાશે નહીં.

**પછી માતરે ધાધલે પ્રશ્ન પૂછ્યો જે, 'ઈર્ષ્યાનું શું રૂપ છે?' ત્યારે શ્રીજી મહારાજ બોલ્યા જે, જેની ઉપર જેને ઈર્ષ્યા હોય તેનું રૂડું થાય ત્યારે તેથી ખમાય નહીં અને તેનું ભૂંડું થાય ત્યારે રાજી થાય, એ ઈર્ષ્યાનું લક્ષણ છે.'**

જેમના ઉપર ઈર્ષ્યા હોય એનું રૂડું થાય તો ખમાય નહીં અને એમનું ખરાબ થાય તો રાજી થઈએ તો માનવું કે એમને વિશે આપણને ઈર્ષ્યા છે. બીજા કોઈ સાથે લેવાદેવા નથી, પણ જેમની સાથે કૉમ્પિટિશન હોય એની ઈર્ષ્યા થાય. એક ઈર્ષ્યાએ કરીને ભૂંડું થાય ને બીજું માને કરીને ભૂંડું થાય. મોટે ભાગે સ્ત્રીઓને ઈર્ષ્યા નડે ને પુરુષોને માન નડે એવું શાસ્ત્રોમાં કહેવાયું છે.

જેનું પ્રારબ્ધ
ભગવાન થઈ જાય
એના જીવનમાં
સુખ, શાંતિ, સમૃદ્ધિ ને આનંદ જ હોય.





બ્રહ્મસ્વરૂપ
એવા સાધુએ જેમને ગ્રહણ કર્યા,
પરબ્રહ્મ પરમાત્માનો જેમને આશરો હોય
એ બધા પણ બ્રહ્મરૂપ થયા કહેવાય,

અલૈયા ખાચરે ૨૦૦૦ જણાને સત્સંગ કરાવ્યો હતો અને કોથળો ભરીને પ્રસાદ ખાઈ ગયા હતા, પણ માનને લીધે શ્રી સ્વામિનારાયણ ભગવાનને વિશે ભાવફેર થયો તો સત્સંગ છોડીને જતા રહ્યા. મછિયાવનાં ફોઈબા-શ્રીસ્વામિનારાયણ ભગવાન એમને 'ફોઈબા' કહેતા એટલે તેઓ આખા સત્સંગમાં 'મછિયાવનાં ફોઈબા' તરીકે જાણીતાં હતાં. તેઓ શ્રી સ્વામિનારાયણ ભગવાનને પુરુષોત્તમ નારાયણનું સ્વરૂપ માનીને ભજતાં. શ્રી સ્વામિનારાયણ ભગવાન એમના પર એટલા બધા રાજી કે, દર વર્ષે ૫૦-૬૦ સંતોને લઈને એમના ઘરે જાય. ત્યારે ફોઈબા આગતા-સ્વાગતા કરે, ધામધૂમ કરી આખું ગામ જમાડે. પછી એમનો દીકરો પરણ્યો ને એની વહુ બહુ ભક્તિવાળી, ચબરાક ને હોનહાર હતી. પહેલાં બધાં ફોઈબાનાં વખાણ કરતાં હતાં, વહુના આવ્યા પછી એમની વહુનાં બધાં વખાણ બહુ કરતાં કે, વહુ સારી છે, બહુ ભક્તિવાળી છે. ફોઈબા એનાં વખાણ ખમી ના શક્યાં, પચાવી ના શક્યાં, તેમને થયું કે, મારા કરતાં મારી વહુ બહુ મોટી ભક્તિવાળી નીકળી, એટલે એમને એને વિશે ઈર્ષ્યા થઈ. એમને વહુ જોડે ઝઘડા થાય. શ્રી સ્વામિનારાયણ ભગવાન ને સંતો આવે ત્યારે વહુને સેવા કરવા આવવા જ ના દે કે જેથી કોઈ તેને વખાણે નહીં.

એક વખત શ્રી સ્વામિનારાયણ ભગવાન મછિયાવ ગયા ને બધા સંતો જમવા બેઠા. આ જાણીતો પ્રસંગ છે. મહારાજે નજર ફેરવી તો એમના દીકરાની વહુને જોઈ નહીં એટલે મહારાજે પૂછ્યું, 'તમારાં વહુ ક્યાં છે ?' શ્રી સ્વામિનારાયણ ભગવાન મછિયાવ જવાના હતા એના બે દિવસ પહેલાં ફોઈબાએ વહુને બે-પાંચ કિલોમીટર દૂર એનું પિયર હતું ત્યાં પિયર રવાના કરી દીધી હતી. મહારાજે પૂછ્યું એટલે ફોઈબાએ કહ્યું કે, 'મહારાજ એનું નામ ના લેશો. એ એના પિયર ગઈ છે.' મહારાજ કહે, 'આવો મોટો સમૈયો છે, અમે આટલા બધા સંતો, આટલા બધા ભક્તોને લઈને પધાર્યા છીએ ને તમે વહુને કાઢી મૂકી ?' ત્યારે ફોઈબા કહે, 'મહારાજ એ એને જ લાયક છે, એને બોલાવશો નહીં.' મહારાજ કહે, 'ના એને બોલાવો. તેનું પિયર બે-પાંચ કિલોમીટર જ દૂર છે તો કોઈ ઘોડેસવારને મોકલો તો હમણાં ૧૦-૧૫ મિનિટમાં આવી જશે.' ત્યારે ફોઈબા કહે, 'ના, એને નથી બોલાવવી.' મહારાજ કહે, 'તમે એને નહીં બોલાવો તો અમે જમીશું નહીં.' તો ફોઈબા કહે, 'મહારાજ તમે સાક્ષાત્ ભગવાન છો, કૃપાળુ છો, દયાળુ છો; તમારે જે કરવું હોય તે તમે કરો, પણ હું આજે વહુને બોલાવવાની નથી, નથી ને નથી જ.' એટલે મહારાજ કહે, 'ચાલો સંતો આપણે જમવું નથી. આ ઘરનું અન્ન આપણને ખપે નહીં.' એમ કહી, મહારાજ સંતો, પરમહંસો, ભક્તો સાથે ત્યાંથી નીકળી ગયા, પણ ફોઈબા ટસનાં મસ ના થયાં. એમણે વહુને બોલાવ્યાં જ નહીં. ત્યાર પછી મહારાજ મછિયાવ ગયા જ નહીં. મહારાજ નથી ગયા એટલે આજની તારીખે મછિયાવ કોઈ સાધુ પણ જતા નથી. ઈર્ષ્યાને કારણે ભગવાનને છોડી દીધા.

વડોદરાના મહારાજા સયાજીરાવ ગાયકવાડે શ્રી સ્વામિનારાયણ ભગવાન વિદ્વાન છે, સાકાર પ્રભુ અહીંયાં પ્રગટ છે એવું પ્રતિપાદન કર્યું. એટલે ત્યાંના વિદ્વાન બ્રાહ્મણોએ કહ્યું, 'અમારી સાથે શાસ્ત્રાર્થ કરે પછી સ્વીકારીએ.' એટલે શ્રી સ્વામિનારાયણ ભગવાનને મહારાજાએ કહેવડાવ્યું કે, 'તમે થોડા સંતોને શાસ્ત્રાર્થ કરવા માટે મોકલો.' એટલે આપણા પરમહંસો ગયા. સયાજીરાવ ગાયકવાડના દરબારમાં સંતોની જીત થઈ, વડોદરાના મહારાજના દરબારમાં એ સંતોએ ભગવાન સાકાર છે, માનવરૂપે પ્રગટ છે એ પ્રતિપાદિત કર્યું અને જયજયકાર થયો. એટલે શ્રી સ્વામિનારાયણ ભગવાને વડતાલમાં એ સંતોનું સ્વાગત કર્યું. ત્યારે ઘણા વિદ્વાન સંતો કહે, 'એમાં શી ધાડ મારી ? અમને મોકલ્યા હોત તો અમે પણ વિજયી થઈને આવત.' ત્યારે શ્રી સ્વામિનારાયણ ભગવાન બોલ્યા, 'આ ખમી નથી શકાતું એ ઈર્ષ્યા છે.' એને બદલે એમણે એવું કહેવું જોઈએ કે, ધન્ય છે આ સંતોને ! ધન્ય છે મહારાજને ! કે, એમના દ્વારા સયાજીરાવ ગાયકવાડને ત્યાં આપણા સ્વામિનારાયણ સંપ્રદાયની પ્રતિષ્ઠા વધી, શ્રી સ્વામિનારાયણ ભગવાનને વિશે સયાજીરાવ ગાયકવાડને પ્રભુપણાનો ભાવ સ્થાપિત કર્યો; તો ઈર્ષ્યાનો ભાવ ટળી જાત.

એમ, આ નાના નાના સંતો સરસ જીવતા હોય ને વખાણ કરવામાં આવે તો જૂના સંતોને એમ થાય કે, અમે શું અત્યાર સુધી ડોલકાં છોલ્યાં હતાં ? એના બદલે એવું માનવું કે, ધન્ય છે આજકાલના આ

જુવાનિયાઓને ! પૂર્વના જબરજસ્ત મુક્તો હશે કે, આવીને તરત આવા સુંદર ભક્તિમાં રચ્યાપચ્યા છે. કથાવાર્તા, ધૂન-ભજન-પ્રાર્થના એમનું જીવન છે. આ યુવાન સંતોને ધન્ય છે, ધન્ય છે ! તો ઈર્ષ્યાનો ભાવ ટળી જાય. નહીં તો એ ચહેરાયા કરે ને નાબૂદ કરવા માટે ફરી પાછું આવવું પડે.

એટલે મહારાજે ઈર્ષ્યાનું રૂપ બતાવ્યું કે, બીજાનાં વખાણ થાય, બીજાને આગળ કરે કે બીજા માટે સારું બોલે તો ખમી ના શકે એ ઈર્ષ્યા. બીજાનું ખરાબ બોલે તો ખુશ થાય એ ઈર્ષ્યા. ઈર્ષ્યાને પોતે જ ઓળખવાની કે, કોઈનાં વખાણ થાય એમાં મને કેમ નથી ગમતું ? તો એના માટે આપણને ઈર્ષ્યા છે. તો એ બાબતને પકડીને ધૂન કરીએ કે, મહારાજ આ જે મારો ભાવ છે એ ટાળી દો. કેવળ તમારા ભાવમાં રહેવું છે, સૌના ગુણ જોવા છે, ગુણ ગાવા છે, ગુણ સાંભળવા છે. અને નાનો અમથો આજકાલનો આવેલો હોય એનેય તમે સ્વરૂપ તરીકે વખાણો, એને સ્વરૂપ તરીકે ઊંચે બેસાડો એનો સ્વીકાર કરીએ એ મારી તમારા તરફની ભક્તિ છે. એવા ભાવથી જો આપણે ભક્તિ કરીએ તો ઈર્ષ્યાનો ભાવ છૂટી જાય; મહારાજને એ કહેવું છે.

બ્રહ્માનંદ સ્વામી ને મુક્તાનંદ સ્વામી તે બેઉ શિષ્યોના કારણે બાખડ્યા. તે મહારાજે ભેગા કરીને 'કારિયાણી ૯-પાડાખારનું' વચનામૃત સમજાવ્યું. અંદરોઅંદર એકબીજાનાં ગુણગાન ગાવાં, સાંભળવાં; એ સહન ના કરી શકીએ એ ઈર્ષ્યા છે, માન છે, કો'ક અહંકાર છે. અને એને ઓળખાવવો એ ભગવાનનું કામ છે. એને ઓળખીએ ને જ્યારે એવું કંઈક થાય ત્યારે પોતાનો દોષ જોઈ, એને ક્યૉર કરવા માટે ધૂન કરીને ભગવાનને પ્રાર્થના કરીએ તો ક્યૉર થઈ જાય.

ડૉક્ટર પાસે જાવ તો ડૉક્ટર તમારા શરીરનો જે પાર્ટ સારો છે એને ચૅક ના કરે. પણ જે પાર્ટમાં દુઃખાવો છે, જે પાર્ટમાં તમને પ્રૉબ્લેમ છે એ પાર્ટનો ઍક્સ-રે લઈ, એમ.આર.આઈ. કરી, ડાયોગ્નાઈઝ કરી એ પાર્ટને સુધારવાની દવા આપે કે ઑપરેટ કરે. જે પાર્ટને લઈને તમે દુઃખી થાવ છો એ પાર્ટ પર ફોકસ કરે. એમ, જે વૃત્તિને લઈને જન્મ-મરણના ચકરાવામાં ફરીએ છીએ, જે વૃત્તિને લઈને આવો સરસ સત્સંગ મળ્યો, આવા સરસ પ્રભુ મળ્યા, આવા સરસ સંતો મળ્યા, આવું સરસ ભગવાન ભજવાનું સ્થાન મળ્યું છતાં પણ એનું સુખ નથી લઈ શકતા; એ જે વૃત્તિ છે એને દેખાડવા માટે ભગવાન જ્યારે પ્રસંગ યોજે ત્યારે સામાનો દોષ જોવાને બદલે, સામાનો દોષ જોવાની એ વૃત્તિ ટાળવાને બદલે એ વૃત્તિ ગાઢી કરીએ છીએ એટલે પછી સાધના લંબાય છે. એ વૃત્તિ કાઢવા માટે ભગવાન આ કરી રહ્યા છે તેવું માનીએ તો ત્યારે ખુશ થઈએ.

ડૉક્ટર આપણો રોગ ડાયોગ્નાઈઝ કરે તો એમને ૫,૦૦૦/-, ૧૦,૦૦૦/- રૂા. કન્સલ્ટિંગ ફી આપીએ છીએ. અને એ પાર્ટ કાઢવા ઑપરેશન કરે તો પાંચ-છ લાખ રૂા. ફી આપીએ છીએ. જ્યારે મહારાજ તો મફતમાં બધું કરે છે, પણ એ વસ્તુને સમજતા નથી એટલે પછી એ વૃત્તિમાંથી બહાર નીકળતા નથી, અહંકારરહિત થતા નથી. સામી વ્યક્તિનું જોઈએ છીએ, સામી વ્યક્તિને વિશે ભાવફેર કરીએ છીએ, સામી વ્યક્તિની ઈર્ષ્યા કરીએ છીએ એના કારણે સાધના લંબાઈ જાય છે. મહારાજ જ્યારે એ બતાવે ત્યારે એવા પ્રસંગોમાં પોતાનો દોષ જોઈને જો ભજન કરીએ તો ભગવાન કહે, વૃત્તિઓનો અહંકાર ઓછો થતાં સુખિયો થઈ જાય છે. મછિયાવનાં ફોઈબાએ જો વહુનો સ્વીકાર કર્યો હોત કે, 'મારી વહુ સ્વરૂપે ભગવાન તમે મને આટલી સરસ દીકરી આપી ! તમારું ને સત્સંગનું શોભાડે તેવી હોનહાર છોકરી છે. હું ભક્તિ કરતી હતી, પણ મારી ભક્તિમાં ખૂબ ઉત્સાહ-ઉમંગ વધારે એવી દીકરી તમે મારા ઘરમાં આપી, હું ન્યાલ થઈ ગઈ !'-એ ભાવથી જો એનો સ્વીકાર કર્યો હોત તો મછિયાવનાં ફોઈબા ઈર્ષ્યારહિત થઈ આખા સત્સંગસમાજમાં પૂજનીય બની જાત.

**શાસ્ત્રમાં કલ્યાણની કેમ રીતિ છે ? અને વેદનો અર્થ તો અતિ કઠણ છે, માટે તેની કથા થતી નથી; અને શ્રીમદ્ ભાગવત પુરાણ અને ભારત એમાં વેદનો જ અર્થ છે ને સુગમ છે, માટે તેની જગતમાં કથા થાય છે. માટે શાસ્ત્રની રીતે કરીને કલ્યાણ થતું હોય તેમ કહો. અને શંકરાચાર્યે તો નિરાકારપણે ભગવાનનું પ્રતિપાદન કર્યું છે અને**

ભગવાનની કૃપાથી સાધુને
ઐશ્વર્યપ્રતાપ, રિદ્ધિ-સિદ્ધિ
એટલું બધું મળતું હોય છે,
પણ એ એમની મોટપ નથી.
સાચામાં સાચી મોટપ
એમનો દાસત્વભાવ છે.





અક્ષરરૂપ થઈ,
દાસત્વભાવે ભક્તિ કરતા
એવા જે સાધુ,
એમના દ્વારા ભગવાન
અખંડ બિરાજમાન છે-એ છે
અક્ષરપુરુષોત્તમની ઉપાસના !

**રામાનુજાદિક જે આચાર્ય તેમણે તો સાકારપણે ભગવાનનું પ્રતિપાદન કર્યું છે; માટે એવી રીતે શાસ્ત્રનો મત લઈને ઉત્તર કરો. પછી મુનિએ શાસ્ત્રની રીતે નિરાકારનો પક્ષ ખોટો કરીને સાકાર ભગવાનને ભજને કરીને કલ્યાણ છે એવી રીતે પ્રતિપાદન કર્યું. પછી શ્રીજી મહારાજ બોલ્યા જે, અમે પણ એ જ પક્ષનું ગ્રહણ કરીએ છીએ.**

આપણા સનાતન હિન્દુ ધર્મમાં વૈષ્ણવ, સ્વામિનારાયણ, શૈવ આદિક જે બધા ધર્મ, એ અસ્તિત્વમાં આવ્યા એના બૅઝિક પ્રિન્સિપલ છે. દ્વૈત, અદ્વૈત, વિશિષ્ટાદ્વૈત, અદ્વૈતાદ્વૈત – આ બધા જે સિદ્ધાંતો છે એના બૅઝ પર બધા ધર્મ રચાયા છે. અને આ બધા ઓરિજિનલ સિદ્ધાંતોને સ્થાપિત કરવાનું કાર્ય સાઉથ ઇન્ડિયાના આચાર્યો-શંકરાચાર્ય, માધવાચાર્ય, રામાનુજાચાર્ય, નિમ્બાર્ક આદિએ કર્યું. શ્રી સ્વામિનારાયણ ભગવાન પોતાના વનવિચરણ દરમિયાન સાઉથમાં શંકર મઠના આશ્રમમાં રહ્યા હતા. ત્રિચિનોપલ્લીમાં રામાનુજાચાર્યનો આશ્રમ છે ત્યાં મહારાજ ૧૦ મહિના રહ્યા હતા. રામાનુજાચાર્યે વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતનું સ્થાપન કર્યું- સાકારની ઉપાસના ! શંકરાચાર્યે નિરાકારની ઉપાસના પ્રવર્તાવી અને રામાનુજાચાર્યે સાકારની ઉપાસના પ્રવર્તાવી. અને સાકારની ઉપાસનામાં પણ વળી, વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત એમણે સ્થાપિત કર્યો.

અદ્વૈત-ભગવાન સાથે એકરૂપતા. હું ને ભગવાન એક, પણ એમાં 'અહં બ્રહ્માસ્મિ-હું પોતે જ ભગવાન છું, ભગવાન સાથે હું એકરૂપ છું.' એવું થઈ જાય. જ્યારે રામાનુજાચાર્યે વિશિષ્ટાદ્વૈતની સ્થાપના કરી. ભગવાન સાથે એકરૂપ છે, પણ એની વિશિષ્ટતા શી છે ? તો એમાં દાસત્વભાવ છે. પ્રભુ મારા પ્રગટ છે, ભગવાન સાથે એકરૂપ છું, પણ હું પ્રભુનો દાસ છું, સેવક છું; ભગવાન નથી. સાધુની એ જે દાસત્વભક્તિની વિશિષ્ટતા-એ વિશિષ્ટાદ્વૈતની શ્રેષ્ઠ ઉપાસના છે. શ્રી સ્વામિનારાયણ ભગવાને સ્વામિનારાયણ સંપ્રદાય માટે એ વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત પસંદ કર્યો !

એવું કહેવાય કે, જેટલા એરિયામાં રાજાનું રાજ એટલા એરિયામાં રાણીનું પણ રાજ કહેવાય. કોઈ પુરુષ કોઈ સ્ત્રીને પરણીને લાવે પછી આખું ઘર જે પુરુષનું હોય તો તેમાં કંઈ એક રસોડું એકલું જ સ્ત્રીનું કહેવાય ? જેટલું ઘર પુરુષનું એટલું જ સ્ત્રીનું કહેવાય. પણ સ્ત્રીને ખબર છે કે, આની સાથે હું લગ્ન કરીને આવી છું એટલે આ ઘર મારું છે. રાણીને ખબર છે કે, રાજાને પરણી છું એટલે રાણી થઈ છું. એમ, સાધુને ખબર છે કે, પ્રભુ સાથે જોડાયેલો છું એટલે આ બધું દૈવત છે. એટલે દાસત્વભાવ કે, હું કંઈ નથી, પ્રભુ જ છે. કંઈ પણ હોય તો પ્રભુને આગળ રાખે. યોગીજી મહારાજને ઘણા કહે, 'બાપા, આપના આશીર્વાદથી પાસ થઈ ગયો.' તો બાપા કહે, 'શાસ્ત્રીજી મહારાજની કૃપાથી થયા.' કોઈ દિવસ એવું કહ્યું નથી કે, અમારા આશીર્વાદથી તમે સુખી થાવ, અમારા આશીર્વાદથી તમને આ મળે. ઇષ્ટદેવ શ્રી સ્વામિનારાયણ ભગવાન ને બીજા પોતાના ગુરુ શાસ્ત્રીજી મહારાજ-એમની કૃપાથી જ આ બધું થાય છે, અમે તો એમના સેવક છીએ; આ દાસત્વભાવ ! એમની વાહવાહ થતી હોય, એમનાં બધે બ્યૂગલ ફુકાતાં હોય, એમના નામનાં બધાં તોરણ લગાવતાં હોય, એમના નામના બધા સમૈયા થતા હોય; પણ તેઓ પોતે તો પ્રભુના દાસ થઈને વર્તતા હોય કે, આ બધું જે થઈ રહ્યું છે, થાય છે ને થવાનું છે એ મારા પ્રભુ અને મારા ગુરુની કૃપાથી થાય છે, એમાં મારું કાંઈ નથી. એવું અંદરથી સમજીને પોતાના ગુરુ તરફની, ઇષ્ટદેવ તરફની સદાય દાસત્વભાવે ભક્તિ કરતા હોય એ વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત ! ભગવાન સાથે એકરૂપ છે, એમના દ્વારા ભગવાન દર્શન દે છે, એમના દ્વારા ભગવાન આશીર્વાદ આપે છે, એમના દ્વારા ભગવાન પ્રસાદ આપે છે, એમના દ્વારા ભગવાન આપણને બધી રીતે પરમ સુખ આપે છે; પણ તેઓ પોતે કહે કે, હું તો ભગવાનનો દાસ છું. વિશિષ્ટતા જે છે તે દાસત્વભાવની છે – એ ગુણાતીત ભાવ છે.

શ્રી સ્વામિનારાયણ સંપ્રદાયમાં ને એમાંય વિશેષ કરીને શ્રી અક્ષરપુરુષોત્તમના માર્ગમાં જો કોઈ વિશેષતા હોય તો તે દાસત્વભક્તિની છે ! ભગવાનની કૃપાથી સાધુને ઐશ્વર્યપ્રતાપ, રિદ્ધિ-

સિદ્ધિ એટલું બધું મળતું હોય છે, પણ એ એમની મોટપ નથી. સાચામાં સાચી મોટપ એમનો દાસત્વભાવ છે. ‘હું પ્રભુનો દાસ છું’ એ સાચી મોટપ છે. સાધુતા એ દાસત્વભક્તિ કહેવાય અને એવી દાસત્વભક્તિ જ્યાં હોય ત્યાં પ્રભુ એમનામાં અખંડ નિવાસ કરીને રહેતા હોય. તો એવી દાસત્વભક્તિનો વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંત રામાનુજાચાર્યે આપ્યો અને સાકારની ઉપાસનાનું સ્થાપન કર્યું. છ જે દર્શન હતાં, એમાં છેલ્લું વિશિષ્ટાદ્વૈત દર્શન ને એમાં આગળ જતાં સાતમું દર્શન બ્રહ્મસ્વરૂપ પ.પૂ. પ્રમુખ સ્વામીજીની આજ્ઞાથી ભદ્રેશ સ્વામીએ ‘શ્રી અક્ષરપુરુષોત્તમ ઉપાસના’ રૂપે સ્થાપિત કર્યું. બહુ જ મોટું કામ થયું કહેવાય. અક્ષરરૂપ થઈ, દાસત્વભાવે ભક્તિ કરતા એવા જે સાધુ, એમના દ્વારા ભગવાન અખંડ બિરાજમાન છે–એ છે અક્ષરપુરુષોત્તમની ઉપાસના ! પ્રભુ સદા સાકાર, દિવ્ય ને પ્રગટ છે છે ને છે જ !

**...માટે ભગવાનના ભક્તને ભગવાનનું સ્વરૂપ અક્ષરધામ સહિત પૃથ્વી ઉપર વિરાજમાન છે એમ સમજવું અને બીજા આગળ પણ એવી રીતે વાર્તા કરવી.**

પોતાના અક્ષરધામ સહિત એટલે કે એવા ગુણાતીત સાધુને લઈને મહારાજ પધાર્યા. અક્ષરપુરુષોત્તમની ઉપાસના માટે આ અગત્યનું ‘વચનામૃત’ છે. ભગવાન સાકાર છે, પ્રગટ છે અને એવા ગુણાતીત સાધુ થકી મહારાજ પ્રગટ રહ્યા છે. મહારાજના વખતમાં ગુણાતીતાનંદ સ્વામી હતા, તેઓ અક્ષરધામ કહેવાતા, જેમના દ્વારા ભગવાન અખંડ પ્રગટ રહ્યા. અને મહારાજે વર આપ્યો કે, ‘એવા ગુણાતીતભાવને પામેલા સાધુ દ્વારા અમે અખંડ પ્રગટ રહીશું, રહીશું ને રહીશું.’

અમારા ગુરુ યોગીજી મહારાજ એવા હતા, જેમના હેતને લઈને અમે બધા ભગવાનને માર્ગે ચાલતા થયા. અને એમની કૃપાથી પ્રમુખ સ્વામી, મહંત સ્વામી, હરિપ્રસાદ સ્વામી, કાકાજી, પપ્પાજીનાં સાંનિધ્યમાં રહીને અશ્વિનભાઈ, શાંતિભાઈ, રતિભાઈ, સનંદભાઈ, હર્ષદભાઈ, પૂનમભાઈ જેવા એવા ભાવને પામ્યા. પણ તેઓ આપણા જેવા છે એટલે એમને વિશે દિવ્યભાવ થતો નથી. શ્રી સ્વામિનારાયણ ભગવાને કહ્યું કે, ‘અક્ષરધામમાં જે મહારાજ છે એ જ મહારાજ માનવરૂપે મળ્યા છે, પણ દેખ્યામાં આવતું નથી.’ શું દેખ્યામાં આવતું નથી ? તો આપણે તેમને માણસ જેવા દેખીએ છીએ. એમનામાં સ્વયં ભગવાન અખંડ રહ્યા છે, પણ દેહ છે એટલે દેખાતું નથી. ચાર હાથ ને પાછળ ચકરડું ફરતું હોય તો થાય કે, સ્વયં પ્રભુ છે. પણ સામાન્ય, મારા-તમારા જેવા થઈને ફરતા હોય, ખાતા-પીતા હોય, બધી જ ક્રિયાઓ આપણા જેવી કરતા હોય એટલે અક્ષરધામમાં જે મહારાજ છે એ સાધુરૂપે મને મળ્યા છે, પણ એ દેખાતું નથી.

આપણા એક સત્સંગીએ ઍલનટાઉનમાં સ્ટૉર રાખેલો અને એમણે એવા તો ઘણા સ્ટૉર લીધેલા. મેં એમને પૂછ્યું કે, ‘તમને કેવી રીતે ખબર પડે કે, આ સ્ટૉર લેવા જેવો છે ? અમે બધા જઈએ તો અમને તો ખબર જ ના પડે.’ ત્યારે કહે, ‘હું સ્ટૉરમાં જઉં તો મને ત્યાં બધે ડૉલર દેખાય.’ એમની દૃષ્ટિમાં એમને એવું થાય કે, આ સ્ટૉરમાં ડૉલર મળશે એટલે કમાણી થશે જ. અને પાછા કમાય પણ ખરા. એમણે બહુ સમૃદ્ધિ પ્રાપ્ત કરી. બીજા એક જણા કહે, ‘એમને જમીનમાં ડૉલર દેખાય છે એટલે અહીં મૉટલ કરીએ છીએ.’ આવા બધા લોકો હોય છે, તમે જુઓ તો ! પણ આપણને ભગવાન દેખ્યામાં આવતા નથી, મુશ્કેલી એ છે. ભગવાન કૃપા કરે તો આપણને સર્વમાં રહેલા પ્રભુ દેખાય, ને પ્રભુ દેખાય તો બેડો પાર થઈ જાય. ‘જ્યાં જુઓ ત્યાં રામજી, બીજું ના ભાસે રે’ એ અક્ષરપુરુષોત્તમની શુદ્ધ ઉપાસના સમજાય. પછી એવું થાય કે, કથાવાર્તા સાંભળે, માહાત્મ્ય સમજાય અને ભગવાન ને ભગવાનના ભક્તોની મન, કર્મ, વચને સુહૃદભાવભરી સેવા થાય તો ભગવાનની પ્રસન્નતા પ્રાપ્ત થતાં આ બધું દેખ્યામાં આવે. આ બધું દેખ્યામાં આવે એવી આપણા સર્વ પર પ્રભુ કૃપા વરસાવે એવી પ્રાર્થના !

સહજાનંદ સ્વામી મહારાજની જય ! ◆

ભગવાન કૃપા કરે તો
આપણને
સર્વમાં રહેલા પ્રભુ દેખાય,
ને પ્રભુ દેખાય તો બેડો પાર થઈ જાય.

